# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

1) રાજ્યના પાંચ જીલ્લાઓમાં PUCC સોફ્ટવેર 2.0 આજથી અમલમાં મુકાશે.
2) રાજ્યમાં હવે સમન્સ, વોરંટ અને નોટીસની ઓનલાઈન બજવણી કરવામાં આવશે.
3) 1લી ઓક્ટોબરથી ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન દ્વારા ગરવી ગુજરાત યાત્રા શરૂ થશે.
4) રાજ્યભરમાં ગઈકાલથી બીજા તબક્કાના તમાકુ મુક્ત યુવા અભિયાનનો આરંભ
5) સ્વચ્છ ભારત મિશનની 10 વર્ષની ઉજવણીના ભાગરૂપે બીજી ઓક્ટોબર સ્વચ્છ ભારત દિવસ તરીકે જાહેર કરાયો.
6) હવામાન વિભાગ દ્વારા આજે દક્ષિણ ગુજરાત, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PUC NIYAM

**માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા રાજ્યના આણંદ, બારડોલી, જુનાગઢ, જામનગર અને મહેસાણા જિલ્લામાં આજથી પીયુસીસી સોફ્ટવેર 2.0 અમલમાં મુકાશે.** આ મોબાઈલ એપ્લિકેશનથી પીયુસી કેન્દ્રો દ્વારા વાહનચાલકોને પીયુસી પ્રમાણપત્ર એનાયત કરાશે. તેમજ પીયુસી કેન્દ્રના 30થી 40 મીટરની ત્રિજ્યામાં જ પીયુસી પ્રમાણપત્ર અપાશે.

વાહનોના નોંધણી નંબર પ્લેટનો ફોટો, વાહનનો પીયુસી કેન્દ્ર સાથેનો ફોટો અને વાહનનો 4-5 સેકેન્ડનો નાનો વીડિયો બનાવી પીયુસીસી 2.0 સૉફ્ટવેરમાં અપલોડ કરવાનો રહેશે. ત્યારબાદ જ પીયુસી કેન્દ્રો સંબંધિત વાહનોનું પીયુસી પ્રમાણપત્ર આપી શકશે.

ઉલ્લેખનીય છે કે, **મંત્રાલયે** પીયુસી એટલે કે, પૉલ્યુશન અંડર કન્ટ્રોલ પ્રમાણપત્ર જાહેર કરવાની વ્યવસ્થાને "પીયુસીસી સોફ્ટવેર વર્ઝન 2.0"થી અદ્યતન કરી છે.

-----------------------------------------------------------------

- રીપીટ

# Crime Conference

રાજ્યમાં હવે સમન્સ, વોરંટ અને નોટીસની ઓનલાઈન બજવણી કરવામાં આવશે. ગઈકાલે વડોદરામાં ક્રાઈમ કોન્ફરન્સમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ જણાવ્યું હતું કે, પોલીસ માટે સૌથી મોટો પડકાર સાયબર ગુનાનો છે સાયબર ગુનાથી બચવા માટે સતર્કતા એ જ સૌથી ઉત્તમ ઉપાય છે તેમણે જણાવ્યું હતું કે, ઓગસ્ટ મહિનામાં સાયબર ગુનાનો ભોગ બનેલા લોકોને 26 કરોડ રૂપિયા પરત અપાવવામાં આવ્યા છે.

ક્રાઈમ કોન્ફરન્સમાં રાજ્યમાં ગુનાખોરીનું પ્રમાણ ઉપરાંત નવરાત્રીના બંદોબસ્ત સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

---

- ડેસ્ક, અનિલ પટેલ -(NAVIN)

# BHARAT-GAURAV-GUJARAT

ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા 1લી ઓક્ટોબરથી ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન દ્વારા ગરવી ગુજરાત યાત્રા શરૂ થશે.. દિલ્હીથી શરૂ થઈને આ 10 દિવસની યાત્રા અમદાવાદ, મોઢેરા, પાટણ, વડનગર, પાવાગઢ, ચાંપાનેર, વડોદરા, કેવડિયા, સોમનાથ, દીવ અને દ્વારકા સહિત ગુજરાતના વિવિધ સ્થળોએથી પસાર થશે.

અત્યાધુનિક ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેનમાં ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એસી કોચ હશે. આ યાત્રા અંદાજે 3 હજાર 500 કિલોમીટરનું અંતર કાપશે.

---------------------------------------------------------------------------

- પૂલ/રૂપલ

-(NAVIN)

# Raghvaji Patel

ચોમાસામાં અતિવૃષ્ટિની સ્થિતિ બાદ પાછોતરો વરસાદ ખેંચાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે તેમની પાણીની સમસ્યા ઉકેલવા સૌરાષ્ટ્રના ચાર જિલ્લા રાજકોટ, જામનગર, જૂનાગઢ અને પોરબંદરમાં ખેડૂતોને 10 કલાક વીજળી આપવા રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે ગઈ કાલે સાંજે જાહેરાત કરી હતી.

Byte Raghvaji Patel

---------------------------------------------------------------------

- પીટીસી જામનગર, અનિલ પટેલ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# TOBACCO FREE CAMPAIGN

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ગઈકાલથી બીજા તબક્કાના તમાકુમુક્ત યુવા અભિયાનનો પ્રારંભ થયો છે. આગામી 23 નવેમ્બર સુધી યોજાનારા આ અભિયાન અંતર્ગત તમાકુમુક્ત શાળા, તમાકુમુક્ત ગામ સહિતના વિવિધ જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમ અંગે અમદાવાદ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. ચિંતન દેસાઈએ જણાવ્યું કે, વિશ્વમાં દરવર્ષે તમાકુના કારણે 80 લાખ લોકાના મોત નીપજે છે અને પરોક્ષ ધુમ્રપાનની અસરથી વિશ્વમાં દર વર્ષે 10 લાખ લોકો જીવ ગુમાવે છે. તેમણે ઉંમેર્યું કે, તમાકુની આદત છોડવી મુશ્કેલ વાત નથી. કોઈ પણ વ્યક્તિ યોગ્ય ઉપચારથી વ્યસનને છોડાવવા માટે ધૈર્યની સાથે ઈચ્છાશક્તિ રાખે તો તમાકુંનું વ્યસન છોડી શકે છે.

દાહોદમાં ખાનગી હોસ્પિટલ અને કોલેજ દ્વારા યોજાયલા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ અંગેના કાર્યક્રમનું કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી પ્રતાપ રાવ જાધવે વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યું.

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં જિલ્લા વિકાસ અધિકારીએ તમાકુ નિયંત્રણ જનજાગૃતિ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. દરમિયાન ઉપસ્થિત લોકોએ તમાકુ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી.

તો કેન્દ્રશાસિત પ્રદેશ દમણના ટોકરખાડા (EM) ખાતે મદદનીશ કલેક્ટર પિયુષ કુમારે તમાકુમુક્ત યુવા અભિયાનનો આરંભ કરાવ્યો. તેમજ યુવાનોને તમાકુના સેવનથી થતા શારિરીક જોખમો વિશે માહિતી આપી.

---------------------------------------------------------------------

- રીપીટ

# SWACHHTA HI SEVA

સ્વચ્છ ભારત મિશનની 10 વર્ષની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના બીજી ઓક્ટોબરના દિવસને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવશે. જેના ભાગરૂપે 17 સપ્ટેમ્બર 2024 થી 31 ઓક્ટોબર 2024 સુધી સ્વચ્છતા હી સેવા પખવાડિયાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

રાજ્યની 8 મહાનગરપાલિકા અને 157 નગરપાલિકાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

થીમ આધારિત પબ્લિક ટ્રાન્સપોર્ટ અને હાઇવેની સાફ સફાઇમાં કુલ 99 હજાર 934થી વધુ નાગરિકોએ સફાઇ ઝુંબેશમાં જોડાઇને એક કરોડ 86 હજાર 283 કલાકનું શ્રમદાન કર્યું. તેમજ કુલ બે હજાર 350 વધુ કચરો ધરાવતા સ્થળોની પણ સફાઇ હાથ ધરવામાં આવી.. જ્યારે કુલ એક હજાર 873 મુખ્ય રસ્તાઓ, 751 બજાર વિસ્તાર, બે હજાર 823 વ્યવસાયિક વિસ્તાર, પાંચ હજાર 272 રહેણાંક વિસ્તારમાં સફાઇ હાથ ધરવામાં આવી..

વધુમાં, આ ઝુંબેશ હેઠળ કુલ એક હજાર 447 જાહેર શૌચાલયની સફાઇ કરવામાં આવી.. તેમજ કુલ 80થી વધુ સ્વચ્છતાના શેરી નાટકનું આયોજન કરાયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-------------------------------------------------------------------

- પ્રેસ નોટ, રૂપલ -(NAVIN)

# Weather

રાજ્યના હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને ગીરસોમનાથ જિલ્લામાં તેમજ દક્ષિણ ગુજરાતના નર્મદા, સુરત અને તાપી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

રાજ્યનાં 37 તાલુકામાં ગઈ કાલે સવારે છથી રાત્રિનાં આઠ વાગ્યા સુધી હળવો વરસાદ પડ્યો છે. સૌથી વધુ એક ઇંચ વરસાદ નવસારી જિલ્લાના ખેરગામ અને વલસાડ તાલુકામાં પડ્યો છે. ચિખલી તાલુકામાં પોણો ઇંચ અને વડોદરા તાલુકામાં અડધો ઇંચથી વધુ વરસાદ પડ્યો છે.

રાજ્યમાં મોસમનો સરેરાશ 126 ટકા વરસાદ વરસી ચૂક્યો છે, સૌથી વધુ 183 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે. દક્ષિણ ગુજરાત ઝોનમાં 131 ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં 130 ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં 123 ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં 108 ટકા વરસાદ પડ્યો છે.

તો બીજી તરફ ગરમીમાં પણ તીવ્ર વધારો થયો છે ગઈકાલે અમદાવાદમાં 37.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. છેલ્લા પાંચ દિવસમાં અમદાવાદનું સરેરાશ મહત્તમ તાપમાન 5 ડિગ્રી જેટલું વધ્યું છે.

---

- યાદી, અનિલ પટેલ -(NAVIN)

# CM SWAGAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆત-ફરિયાદોના ઑનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે બપોરે સાડા ત્રણ વાગ્યે યોજાશે. આ માટે અરજદારો અને રજૂઆતકર્તાઓ સવારે સાડા આઠ વાગ્યાથી સાડા 11 વાગ્યા સુધી પોતાની રજૂઆત ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ- 2માં આવેલા મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે.

. . . . . . . . . . . . .

મા.ખાતું-પ્રવેશ અડિએચા-યશ્વી

# Cm -mulakat

ગુજરાતના માર્ગોના નિર્માણમાં નવીન ટેકનોલોજી સભર કામગીરીના અભ્યાસ માટે આંધ્રપ્રદેશના માર્ગ- મકાન મંત્રીના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ ગુજરાતની મૂલાકાતે  છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે તેમણે શુભેચ્છા મુલાકાત બેઠક યોજી હતી.

ગુજરાતે માર્ગના નિર્માણ કામોની પ્રગતિમાં અપનાવેલી નવીન ટેકનોલોજી, પી.પી.પી. મોડેલના અભ્યાસ માટે આંધ્રપ્રદેશના માર્ગ મકાન  મંત્રી શ્રી બી. સી. જનાર્ધન રેડ્ડીના વડપણ હેઠળ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અને ટેકનોલોજી વિશે જાણવામાં રસ દાખવ્યો હતો અને વિશદ ચર્ચાઓ કરી હતી.

ખાસ કરીને ગાંધીનગરનો રાજધાની તરીકે વિકાસ, સ્વર્ણિમ સંકુલનું નિર્માણ, સેન્ટ્રલ વિસ્ટા, મહાત્મા મંદિર, ગાંધીનગર રેલ્વે સ્ટેશન વગેરેના અદ્યતન નિર્માણ કામોની વિગતોથી તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશના આ પ્રતિનિધિ મંડળે ગિફ્ટ સિટીની પણ મુલાકાત લઈને ત્યાં નિર્માણાધિન કાર્યો નિહાળ્યા હતા.

---------------------------------------------------------------------

- માં. ખ./રૂપલ

-(NAVIN)

# Seva Setu

સેવા સેતુ કાર્યક્રમના 10મા તબક્કાનાં ભાગરૂપે ગઇ કાલે ડીસાની મહારાણા પ્રતાપ હાઇસ્કુલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એક હજાર 445થી વધુ લાભાર્થીઓએ એક જ સ્થળ પરથી સરકારી સેવાઓનો લાભ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં રેશનકાર્ડ, E-KYC, આધારકાર્ડની કામગીરી, આરોગ્ય ચકાસણી, દવાઓનું વિતરણ, NFSA સહાયના કાર્ડ વિતરણ, વિધવા સહાયના હુકમ, સગર્ભા કે સ્તનપાન કરાવતી માતાઓને કીટ વિતરણ, અંત્યોદય કાર્ડ વિતરણ સહિત અનેક યોજનાઓનો લાભ એક જ સ્થળ પરથી આપવામાં આવ્યો હતો.

દરમિયાન, સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ટાઉન હોલ ખાતે હિંમતનગર નગરપાલિકા વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ ધારાસભ્ય વી. ડી. ઝાલાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. વોર્ડ નં. 1, 3, 4, 5 અને 6નાં નાગરીકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

---

- --પીટીસી, હિં.સ. અનિલ

-(NAVIN)

# ACB Dwarka

ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો-ACBએ દ્વારકા જિલ્લાના આવકવેરા અધિકારી સુનીલ મીનાની ધરપકડ કરી છે. તેમણે અરજદાર પાસેથી બે પાનકાર્ડમાંથી એક પાન કાર્ડ રદ કરાવવા 10 હજાર રૂપિયાનો દંડ લેવાની ધમકી આપીને પાંચ હજાર રૂપિયાની લાંચ માંગી હતી. છેવટે ત્રણ હજાર રૂપિયામાં સમજૂતી થઈ હતી.

ACBએ છટકું ગોઠવીને તેમની ધરપકડ કરી હતી.

--------------------------------------------------------------------

- -પીટીસી દ્વારકા અનિલ

-(NAVIN)

# ITI Dehgam Bhati melo

જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા 27 સપ્ટેમ્બરે સવારે 10 કલાકે ITI દહેગામ ખાતે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં એચ આર મેનેજર, QC એક્ઝિક્યુટિવ, એકાઉન્ટન્ટ, સેલ્સ એક્ઝિક્યુટિવ, પ્રોડક્શન એક્ઝિક્યુટિવ, ટેલી માર્કેટિંગ, બેક ઓફીસ સપોર્ટ સ્ટાફ, ડીપ્લોમા એન્જીનીયર, સુપરવાઈઝર, વેલ્ડર, ફીટર, ઈલેક્ટ્રિશિયન, વાયરમેનની જગ્યા માટે દર્શાવેલી લાયકાત મુજબ ધોરણ- 10 તથા 12 પાસ ITI, ડીપ્લોમા,અને ગ્રેજ્યુએટ,પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારો ભાગ લઇ શકશે.

-------------------------------------------------------------------

- -ચાદી અનિલ

-(NAVIN)

# CM- ESZ

ભારત સરકારે ગીર સંરક્ષિત વિસ્તારોની આસપાસના વિસ્તારને પર્યાવરણ માટે સંવેદનશીલ-ઇકો-સેન્સિટિવ ઝોન (ESZ) જાહેર કરવા માટે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશ્યલ મીડિયા પોસ્ટમાં આ માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા ગીર વિસ્તારમાં ટકાઉ વિકાસ સાથે સિંહોનું સંરક્ષણ કરવાના ઉદ્દેશ્ય સાથે આ પહેલ હાથ ધરાઇ છે.

---------------------------------------------------------------------

- રીપીટ